# સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો અહેવાલ રજૂ કરવા સંબંધમાં રીત:–

| | |
|---|---|
| સમિતિના પ્રમુખશ્રી/ સભ્યશ્રી:– | માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો બીજો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. |
| અધ્યક્ષશ્રી:– | અહેવાલ રજૂ થાય છે. |

## સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો પ્રસ્તાવ રજૂ કરવાની રીત:–

સમિતિના પ્રમુખશ્રી/સભ્યશ્રી:–માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

અધ્યક્ષશ્રી:– હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે આ સભાગૃહ " સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ"ના બીજા અહેવાલ સાથે સંમત થાય. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે.